# સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ



સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં બાયડ, મોડાસા અને પ્રાંતિજમાં ચાર-ચાર ઈંચ વરસાદ નોધાયો હતો. જ્યારે આજે દિવસ દરમિયાન પ્રાંતિજમાં ત્રણ ઈંચ અને માલપુરમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. વિજયનગરમાં ઝાડ પડતાં એકનું મોત નીપજ્યું હતું અને ધનસુરામાં વીજળી પડતાં વાયર બળી ગયા હોવાનું હિંમતનગર ખાતે આવેલ જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી જાણવા મળ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં જિલ્લામાં સર્વત્ર વરસાદ પડેલો હોવાનું જાણવા મળેલ હતું. જેમાં બાયડમાં ૧૧૫ મી.મી., ભિલોડામાં ૪૪ મી.મી., ધનસુરામાં ૧૫ મી.મી., હિંમતનગરમાં ૧૭ મી.મી., ઈડરમાં ૨૫ મી.મી., ખેડબ્રહ્મામાં ૩૫ મી.મી., માલપુરમાં ૪૦ મી.મી., મેઘરજમાં ૩૬ મી.મી., મોડાસામાં ૧૧ મી.મી., પ્રાંતિજમાં ૯૫ મી.મી., તલોદમાં ૫૬ મી.મી., વડાલીમાં ૨૧ મી.મી., અને વિજયનગરમાં ૦૫ મી.મી. નોંધાયો હતો. જ્યારે ગુરૂવારના રોજ દિવસ દરમિયાન નવ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં બાયડમાં ૪૬ મી.મી., ધનસુરામાં ૩૦ મી.મી., હિંમતનગરમાં ૨૬ મી.મી., ખેડબ્રહ્મામાં ૧૧ મી.મી., માલપુરમાં ૫૫ મી.મી., મેઘરજમાં ૧૫ મી.મી., મોડાસામાં ૮ મી.મી., પ્રાંતિજમાં ૭૦ મી.મી., અને તલોદમાં ૨૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. બુધવારની રાત્રીના વિજયનગરથી આંતરસુબા તરફ વિરેશ્વરના હસમુખભાઈ સવજીભાઈ અસારી (ઉં.વ.૩૧) અને ડાહ્યાભાઈ જીવાભાઈ અસારી બંને જણા બાઈક લઈ જઈ રહ્યા હતા ત્યારે વાવાઝોડા સાથે વરસાદ પડતો હતો ત્યારે અચાનક આકરાનું ઝાડ બાઈક પર પડતાં સ્થળ પર ગંભીર ઈજાને કારણે હસમુખભાઈ સવજીભાઈ અસારી (ઉં.વ.૩૧) મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત ડાહ્યાભાઈ જીવાભાઈ અસારીને સારવાર માટે ચોરીવાડના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયેલ હતો. બીજી તરફ ધનસુરાના બુટાલમાં પાવર સ્ટેશન અને જીન પાસે વીજળી પડતાં વાયરો બળી ગયા હતા તેવું પણ જાણવા મળ્યું હતું.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# બાયડ તાલુકામાં બારે મેઘ ખાંગા : ૧૦ ઈંચ વરસાદ

બાયડ તાલુકામાં મેઘરાજાએ મહેર કરી હોય તેમ ગઈકાલે રાત્રીથી અત્યાર સુધીમાં બાયડ તાલુકામાં ૧૦ ઈંચ જેટલો અધધધ વરસાદ ખાબકયો હતો.

ગાજવીજ સાથે મેઘરાજાની તોફાની બેટીંગની સાથે બાયડ તાલુકામાં જયા જુઓ ત્યાં અત્ર તત્ર સર્વત્ર વરસાદને કારણે પાણી પાણી થઈ ગયુ હતું. બાયડ તાલુકામાં બે દીવસના અસહ્ય બફારા બાદ ગઈકાલ રાત્રીથી અત્યાર સુધી મેઘરાજાએ તોફાની બેટીગ કરવાને કરાણે બાયડ તાલુકામાં છેલ્લા ૨૨ કલાકમાં ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો. રાત્રીના સમયે વીજળીના કડાકા અને સુસવાટા મારતા પવનને લીધે બાયડ ગાબટ રોડ ઉપર આવેલ કેટલાય વૃક્ષો ધરાશયી થવાને કારણે વાહન વ્યવહાર ખોરવાયો હતો. જયારે ગઈકાલ રાત્રે ૭ વાગ્યાથી અત્યાર સુધી એટલો બધો વરસાદ મનમુકીને વરસ્યો છે કે પાંચ ફુટ દુરનું પણ દ્રશ્ય દેખાતુ નહોતું. જયારે બાયડ તાલુકમાં ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકવાને કારણે બાયડની ગીરીરાજ સોસાયટી,





(તસવીર : સમીર બલોચ, બાયડ)

વૃંદાવન સોસાયટી અને લાખેશ્વરી વિસ્તારમાં ઢીચણ સમા પાણી ભરવાના કારણે રહેવાસીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. જયારે આ સોસાયટીઓમાં પાણી ભરાઈ જવાના કરાણ વરસાદે બાયડ નગરપાલીકાના પ્રીમોન્સુન પ્લાનની પોલ ખોલી નાખી હતી. જયારે હાલ પણ ધોધમાર વરસાદ વરસવાને કારણે બાયડના લાખેશ્વરી વીસ્તારના લોકોએ ઘરોમાં પાણી ભરાઈ જવાની બીકના કારણે સુરક્ષીત આશ્રય સ્થાનની શોધમાં નીકળવુ પડયુ હતું. જયારે હાલ આ ધોધમાર વરસાદ વરસવાને કારણે બાયડ તાલુકમાં થઈ રહેલ કપાસના પાકને ખાસુ એવુ નુકશાન થવાનો ભય સેવાઈ રહયો છે. જેના લીધે બાયડ તાલુકાનો તાત મુશ્કેલી માં મુકાય તેવી સ્થીતીનું નિર્માણ થવા પામ્યુ છે. જયારે બાયડ પ્રાંત ઓફીસર અને મામલતદાર એમ.બી પ્રજાપતીએ નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને એર્લટ રહેવાની સુચના આપી હતી. વરસાદના કારણે બાયડ તાલુકાના ગાબટ, સાઠંબા, સરસોલી વસાદરા, રડોદરા, વાત્રક જેવા વિસતારોને એલર્ટ રહેવાની સુચના આપવામાં આવી હતી.

## અંબાજીમાં મેળા-ચૂંટણી અંગે શિહોરી, ઝાલોર, બનાસકાંઠાના પોલીસ વડાઓની સઘન ચર્ચા

પાલનપુર, તા. ૬

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આગામી દિવસોમાં વિધાનસભા ચૂંટણી, ભાદરવા પુનમ મેળો મુખ્યત્વે આંતર રાજય વાહનચોરી ગુનાખોરીને અંકુશમાં લેવા ગુજરાતના સરહદી જિલ્લાઓ જાલોર, શિરોહીના પોલીસવડાઓની બેઠક યોજાઈ હતી.

## ઈડરમાં બાકરપુરા ગામ નજીક ટેન્કર અને બાઈક વચ્ચે અકસ્માત એકનું મોત, એક ગંભીર

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના બાકરપુરા ગામના પાટિયા પાસે બુધવારની સવારે ટેન્કર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકનું મોત અને એકને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ અંગે ઈડર પોલીસ મથકે માથાસુર ગામના મંગુસિંહ ફૂલસિંહ ડાબીએ ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ ઈડરથી વડાલી માર્ગ પર આવેલ બાકરપુરા ગામના પાટિયા પાસે બુધવારના રોજ સવારે ૮.૪૫ વાગેના સુમારે ટેન્કર નંબર જીજે-૯-ઝેડ-૧૬૩૭ના ચાલકે બાઈક નંબર-જીજે-૯-એન-૮૧૭૧ બંને સામસામે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પરના અજયસિંહ કાળુસિંહ રાઠોડ (ઉં.વ.૨૧ રહે. માથાસુર, તા. ઈડર) અને વિશાલભાઈ ભીખાભાઈ ફળિયા (જૈન) રહે. બાકરપુરા, તા. ઈડરના બંને જણાને શરીરે ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર માટે ઈડર સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન અજયસિંહ રાઠોડનું મોત નીપજ્યું હતું. જયારે ગંભીર ઈજાગ્રસ્ત વિશાલભાઈ ફળિયાને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. આ અંગે ઈડર પોલીસમથકે માથાસુર ગામના મંગુસિંહ ફૂલસિંહ ડાભીએ ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસ અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## મહેસાણા જિલ્લામાં મેઘની મહેરથી ખરીફ પાકોને જીવતદાન

મહેસાણા, તા. ૬

મહેસાણા જિલ્લામાં આજે મોડે મોડે મેઘરાજાએ મહેર કરતા ચોમાસુ કરીફ પાકોને જીવતદાન મળી ગયું છે.

ગઈરાત્રે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. બાદ આજે બપોરથી વરસાદ શરૂ થયો હતો જે સાંજ સુધી ચાલુ રહેતાં નીચાણવાળા ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા. મહેસાણા શહેરના ગોપીનાળા અને ઊંઝામાં બસ સ્ટેશન નજીક નવિન બનાવાયેલ અંડરબ્રિજમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેથી વાહન વ્યવહારની અવરજવરમાં મુશ્કેલી સર્જાઈ હતી. જિલ્લામાં સર્વત્ર હળવાથી મધ્યમ વરસાદ થતાં ખેતીવાડીને ફાયદો થયો છે. અને પશુધન માટે ઘાસાચારાની સમસ્યા હળવી બની છે. વરસાદને પગલે હવામાનમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હવે તળાવોમાં નવા પાણીની થોડી આવક થવા પામી છે. વરસાદને કારણે આજે જનજીવન પર અસર પડી હતી. જિલ્લાના વિજાપુર તાલુકામાં ભારે વરસાદ પડ્યો હોવાના અહેવાલ મળ્યા છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં જાહેર માર્ગો અને સર્કલ પર પીજ અવર્સ દરમ્યાન ટ્રાફિક જામથી શહેરીજનો ત્રાસી ગયા છે. ટ્રાફિક પોલીસ શટલીયા જીપ, રીક્ષાવાળા પાસેથી હપ્તા લઈને મૌન રહેતી હોવાનું શહેકીજનો આક્રોશ છે.

## પાલનપુર શહેર અને તાલુકામાં માલધારી સેલના હોદેદારો નિમાયા

પાલનપુર, તા. ૬

ભારતીય જનતાપાર્ટી બનાસકાંઠા જિલ્લાના પ્રમુખ ડૉ. કે.એસ. મોગરાની અનુમતીથી જિલ્લા ભાજપ માલધારી સેલના કન્વીનર જામાભાઈ દેસાઈએ પાલનપુર તાલુકા અને શહેરના માલધારી સેલના હોદ્દેદારોની વરણી કરી છે.

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લા માલધારી સેલ દ્વારા પાલનપુર તાલુકામાં કન્વીનર તરીકે મોહનભાઈ હરિભાઈ દેસાઈ, સહ કન્વીનર તરીકે સમીરભાઈ જેઠાભાઈ દેસાઈ અને આસુભાઈ ચમનભાઈ દેસાઈ તથા પાલનપુર શહેરમાં કન્વીનર તરીકે કરશનભાઈ કાળાભાઈ દેસાઈ, સહ કન્વીનર તરીકે સાગરભાઈ કાળુભાઈ દેસાઈ અને અમરતભાઈ મેવાભાઈ દેસાઈની સર્વાનુમતે વરણી કરવામાં ાવી છે. તેમ બનાસકાંઠા જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી જોરાભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

## પાલનપુર એલસીબી પોલીસે મોબાઈલ ચોરો પાસેથી ૮૫ મોબાઈલ ઝડપ્યા

પાલનપુર, તા. ૬

પાલનપુર સ્થાનિક ગુન્હા શોધક શઆખાએ અને એસઓજીની સંયુકત તપાસ દરમ્યાન થરાજના બે લબર મુછીયાઓ પાસેથી ૮૫ મોબાઈલ સાથે ઝડપી લીધા હતી.

થરાદના જદગદીશભાઈ ખત્રીની દુકાનમાં રૂા. ૬૮૫૦૦ના મોબાઈલ ચોરી થયેલ હતી. આ અંગેની તપાસ ચાલતી હતી. પોલીસે કોડ નંબરના આધારે લોકેશનની જાણ થતાં થરાદથી પંડ્યા ચંદ્રકાન્ત કરશનભાઈ, ધોબી યોગેશ રમેશભાઈને ઝડપી લીધા હતા.

રૂપિયા એક લાખથી વધુ ચોરીના મોબાઈ લબર મુછીયાઅ્ બીજે ક્યાંથી ચોરી કરેલ છે. તેની વિસ્તૃત માહિતી એકત્ર કરી રહ્યા છે.

## સાસરીયાઓના ત્રાસથી પરિણીતાએ ઝેરી દવા પીધી

હિંમતનગર, તા. ૬

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે પરિણિતાને સાસરિયાઓ દ્વારા અસહ્ય માનસિક શારીરિક ત્રાસ આપી મરણ પામે તે હદે દુષ્પ્રેરણા કર્યાની ફરિયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઈલોલ ગામની પરિણિતા રૂપલબેનના લગ્ન થોડાક વર્ષ અગાઉ વિક્રમસિંહ સાથે થયા હતા. પતિ વિક્રમસિંહ અને ઘરના અન્ય સભ્યો કોદરસિંહ હલુસિંહ પરમાર-સસરા, ધુળીબેન કોદરસિંહ પરમાર સાસુએ રૂપલબેનને ઘરકામ તેમજ ખેતીકામ માટે અવાર નવાર મેણા ટોણા મારી શારીરિક માનસિક ત્રાસ આપી મરણ પામે તે હદે દુષ્પ્રેરણ કરતા હતા.

## સાબરકાંઠા જિલ્લામાં ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૨ યોજાયું

### પાણીથી કામ કરતું જે.સી.બી. મશીન

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લા સહિત રાજ્યભરમાં ગુરૂવારના રોજ દરેક પ્રાથમિક શાળામાં બુધવારના રોજ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૨ પ્રદર્શન અંતર્ગત મૌછા ધર્મેશકુમાર ઈશ્વરલાલ નાયક અને ધોરણ-૬માં અભ્યાસ કરતા ચિરાગકુમાર મુકેશભાઈ નાડીયા બંને



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણપ્રદર્શન-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામુદાયિક સ્વાસ્થ્ય અને પર્યાવરણ, માહિતી અને શૈક્ષણિક ટેકનોલોજી, ગણિતિક નમુના ઉદ્યોગ, કુદરતી સંશોધનો અને સરક્ષણ અને વાહન વ્યવહાર અને સંચાર વ્યવસ્થા જેવા છ વિષયો પર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ કૃતિઓ રજુ કરી હતી. હિંમતનગર તાલુકાના મૌછા સી.આર.સી.ની આઠ પ્રાથમિક શાળાઓના ૩૨ થી વધુ વિદ્યાર્થીઓ ૧૬ થી વધુ કૃતિઓ રજુ કરાઈ હતી. સામાન્ય રીતે જે.સી.બી. ચાલુ કરવા માટે ડીઝલ વપરાય છે અને તેને ઉંચુ નીચું કરવાથી માંડીને હાઈડ્રોલિકનું કામકાજ કરવા માટે ઓઈલને પ્રેસર કરવામાં આવે છે પરંતુ આમોદ્રા ગામના અને ગામની પ્રાથમિક શાળામાં ધોરણ-૮માં અભ્યાસ કરતા જણાએ મળી વેસ્ટમાંથી જે.સી.બી. મશીન બનાવ્યું હતું. પણ તેનું હાઈડ્રોલિક કામકાજ ઓઈલથી નહિ પણ પાણીથી થાય તેવી કૃતિ બનાવી રજુ કરી હતી. આ અંગે કૃતિ રજુ કરનાર ધર્મેશ નાયકે જણાવેલ કે જો પાણીનો ઉપયોગ થાય તો ઓઈલનો ખર્ચ પણ ઘટે અને ખનીજ સંપતિઓ કાઢવામાં ઘટાડો થાય તો પ્રદૂષણ પણ ઘટે છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601